# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૪૮ | ૧ માર્ચ, ૨૦૧૯, શુક્રવાર; મહા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પાકિસ્તાન ઝુક્યું : અભિનંદનને છોડવા તૈયાર

**પાકિસ્તાની સંસદમાં વડાપ્રધાન ઇમરાન ખાને જાહેરાત કરતા ભારતની મોટી જીત થઇ : શાંતિ સ્થાપવા ઇમરાન ખાનનો આંતરરાષ્ટ્રીય સમુદાયને અનુરોધ**



નવીદિલ્હી, તા. ૨૮

સરહદ ઉપર જારી ભીષણ ગોળીબાર અને ભારતીય સેનાની સંભવિત કાર્યવાહીનો લઈને ભયભીત પાકિસ્તાને આખરે શરણાગતિ સ્વીકારી લીધી છે. પાકિસ્તાને વિશ્વ સમુદાયના દબાણ અને ભારતની જોરદાર કાર્યવાહી બાદ અંતે ઝુકી જઈને બાનમાં પકડેલા ભારતીય વિંગ કમાન્ડર અભિનંદન વર્તમાનને છોડી દેવાની જાહેરાત કરી દીધી છે. પાકિસ્તાન સંસદમાં સંબોધનમાં વડાપ્રધાન ઈમરાન ખાને કહ્યું છે કે, શાંતિનો સંદેશ આપીને અમે ભારતીય વિંગ કમાન્ડર અભિનંદનને આવતીકાલે મુક્ત કરી દઈશું. એક દિવસ પહેલા જ પાકિસ્તાનના યુદ્ધ વિમાનો ભારતીય ક્ષેત્રમાં હવાઈ હુમલાના પ્રયાસ કર્યા ત્યારે ભારતીય જેટે પાકિસ્તાનના પ્રયાસોને નિષ્ફળ કરી દીધા હતા. આ ગાળા દરમિયાન ભારતનું એક મિગ વિમાન તુટી પડ્યું હતું અને વિંગ કમાન્ડર અભિનંદન ખરાબ હવામાનના કારણે પવનના લીધે પાકિસ્તાન પહોંચી ગયા હતા. પેરાશૂટથી વિંગ કમાન્ડર કુદી ગયા ત્યારે ભારતના બદલે પાકિસ્તાનમાં નીચે ઉતરતા તેમને પાકિસ્તાની સૈનિકોએ પકડી લીધા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## વિંગ કમાન્ડર અભિનંદનને આવકારવા દેશ ભારે ઉત્સુક

**પાકિસ્તાન દ્વારા વિંગ કમાન્ડર અભિનંદન વર્તમાનને મુકત કરવાની જાહેરાતને પગલે ગુજરાત સહિત દેશમાં ફટાકડા ફોડી, મિઠાઇ વહેંચી ઉજવણી કરાઈ**

અમદાવાદ,તા. ૨૮

ભારતની કડક શબ્દોમાં ચેતવણી અને ચોતરફથી આંતરરાષ્ટ્રીય દબાણ વધતાં આખરે પાકિસ્તાન દ્વારા ભારતીય વિંગ કમાન્ડર અભિનંદન વર્થમાનને આવતીકાલે મુકત કરી દેવાની અને ભારતને સોંપવાની જાહેરાત કરી દેવાતાં અમદાવાદ, ગુજરાત સહિત સમગ્ર દેશભરમાં ભારે હાશકારા સાથે ઉત્સાહ, ઉજવણી અને જોશનો માહોલ છવાઈ ગયો હતો. લોકોએ વિંગ કમાન્ડર અભિનંદનની મુકિતના સમાચાર સાંભળતાં જ રસ્તાઓ પર ઉતરી ભારત માતાની જય, વંદે માતરમ્, જય હિન્દ-જય હિન્દ સહિતના રાષ્ટ્રભકિતના સૂત્રોચ્ચાર અને ત્રિરંગો રાષ્ટ્રધ્વજ ફરકાવી દેશભકિતની ભાવના ઉજાગર કરી હતી. એટલું જ નહી, વિંગ કમાન્ડર પાકિસ્તાનના કબ્જામાંથી આવતીકાલે પાછા ફરશે તેના ઉત્સાહમાં ઢોલ-નગારા વગાડી, મીઠાઈ વહેંચી અને એકબીજાનું મોં મીઠું કરાવી તેની આગોતરી ઉજવણી શરૂ કરી દીધી હતી. શહેરના કેટલાક વિસ્તારોમાં તો, સાંજે દીપ પ્રાગટ્ય સાથે દિવાળી જેવો માહોલ સર્જી આ ઐતિહાસિક ઘટનાની ઉજવણી કરાઈ હતી. પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાન ખાને આજે પાકિસ્તાની સંસદમાં જાહેરાત કરી હતી કે, પાકિસ્તાન દ્વારા બંધક બનાવાયેલા ભારતીય વિંગ કમાન્ડર અભિનંદન વર્થમાનને આવતીકાલે શુક્રવારે છોડી દેવાશે. ઈમરાન ખાને સ્પષ્ટ કર્યું હતું કે, શાંતિ સ્થાપવા માટે આ મુક્તિ કરાશે. ભારત તેને અમારી કોઇ કમજોરી ના સમજે. જો કે, પાકિસ્તાન દ્વારા વિંગ કમાન્ડરની મુકિતની જાહેરાત થતાંની સાથે જ ગુજરાત સહિત સમગ્ર દેશભરમાં ઉત્સાહ અને ઉજવણીનો માહોલ છવાઈ ગયો હતો.



# પાકિસ્તાનના જુઠ્ઠાણાઓનો પર્દાફાશ

**પાકિસ્તાનના એફ-૧૬નો કાટમાળ મળ્યો : પાકે અગાઉ ભારતીય વિમાન ગણાવ્યું હતું : ફોટાઓ જારી કરવામાં આવતા પાક શરમજનક સ્થિતિમાં**

નવી દિલ્હી, તા. ૨૮

ભારતીય લશ્કરી સ્થળો ઉપર હુમલા કરવાના પ્રયાસમાં નિષ્ફળતા મળ્યા બાદ પાકિસ્તાન દ્વારા જુઠ્ઠાણુ ચલાવવામાં આવી રહ્યું હતું પરંતુ તેના વધુ એક જુઠ્ઠાણાનો હવે પર્દાફાશ થયો છે. પાકિસ્તાને અગાઉ દાવો કર્યો હતો કે, ભારતીય હવાઈ દળની કાર્યવાહીમાં તેના કોઈ વિમાનને તોડી પાડવામાં આવ્યું નથી પરંતુ હવે પાકિસ્તાનના એફ-૧૬ વિમાનનો કાટમાળ મળી આવ્યો છે અને પાકિસ્તાનના જવાનો આ કાટમાળને ગાડીમાં મુકતા નજરે પડી રહ્યા છે. આ વિમાનને ભારતે ગઈકાલે તોડી પાડ્યું હતું. આ વિમાનના કાટમાળના ફોટા પણ જારી કરવામાં આવ્યા છે. કાટમાળની પાસે પાકિસ્તાનના ૭ નોર્થન લાઈટ ઈન્ફેન્ટરીના અધિકારીઓ નજરે પડી રહ્યા છે. આ કાટમાળ એફ-૧૬ વિમાનનો છે. બીજી બાજુ પાકિસ્તાનના વિમાનમાં મિસાઈલો પણ રાખવામાં આવી હતી જેના ખતરનાક ઈરાદા હતા પરંતુ આ



## અમેરિકા, બ્રિટન, ફ્રાંસ દ્વારા યુએનમાં આતંકી મસૂદ અઝહરને બ્લેકલિસ્ટ કરવા પ્રસ્તાવ

**આતંકને ખતમ કરવા અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ ભારતની પડખે : મસૂદ અઝહર વિરૂદ્ધ હથિયાર પ્રતિબંધ, વૈશ્વિક યાત્રાઓ પર પ્રતિબંધ લગાવે અને તેની તમામ સંપત્તિઓ જપ્ત કરે ૧૫ સભ્યોએ યુએનમાં કહ્યું, ચીન આ પ્રસ્તાવનો વિરોધ કરે તેવી શક્યતા**

યુએન,તા.૨૮

પુલવામા હુમલાનું ષડયંત્ર રચનારા પાકિસ્તાની આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ વિરૂદ્ધ ભારતની કુટનૈતિક મોર્ચે મોટી સફળતા મળતી જણાય છે. અમેરિકા, બ્રિટન અને ફ્રાંસે સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં જૈશ-એ-મોહમ્મદના સર્વેસર્વા મસૂદ અઝહરને બ્લેક લિસ્ટ કરવા એક પ્રસ્તાવ રજુ કર્યો છે.

ભારત પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમ સીમા પર છે. દેશનાં વડાપ્રાધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જલ, થલ અને વાયુસેનાનાં પ્રમુખો સાથે લાંબી મુલાકાત કરી. સૂત્રોનું માનીએ તો ત્રણે પ્રમુખો સાથેની મુલાકાત પછી પીએમએ તેમને કોઈપણ નિર્ણય લેવાની આઝાદી આપી છે. જ્યારે અમેરિકા, બ્રિટન અને ફ્રાંસે જૈશ એ મોહમ્મદને

● અનુસંધાન પાન-૭ પર

# અંકુશરેખા પર પાકનો ભીષણ ગોળીબાર

**ભારતીય સેના દ્વારા જડબાતોડ જવાબ અપાયો : સતત ત્રીજા દિવસે સવારથી મોડી સાંજ સુધી ગોળીબાર**

નવી દિલ્હી,તા. ૨૮

પાકિસ્તાની સેનાએ જમ્મુ કાશ્મીરમાં પૂંચ અને રાજૌરીમાં અંકુશરેખા ઉપર જોરદાર ગોળીબાર આજે સતત ત્રીજા દિવસે પણ કર્યો હતો. સતત ત્રીજા દિવસે યુદ્ધવિરામનો ભંગ કરીને નાના અને મોટા હથિયારો સાથે ગોળીબાર કરવામાં આવ્યો હતો. વારંવાર યુદ્ધવિરામના ભંગ બાદ ભારતીય સેનાએ જોરદાર જવાબ આપ્યો હતો. પૂંચના સુંદરબાની, ખાડીકરમારા, દેગવાર સેક્ટરમાં ગોળીબાર કરવામાં આયો હતો. આ ઉપરાંત આ વિસ્તારમાં મોર્ટારનો મારો ચલાવવામાં આવ્યો હતો. ગોળીબારના કારણે સ્થાનિક લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. આજે સવારથી જ ગોળીબાર શરૂ થયા બાદ મોડી સાંજ સુધી ગોળીબાર જારી રહ્યો હતો. નૌશેરા અને કૃષ્ણાઘાટી સેક્ટરમાં પણ ગોળીબાર કરાયો હતો. સંરક્ષણ પીઆરઓના કહેવા મુજબ પાકિસ્તાન તરફથી અવિરત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે જેથી રાજૌરી અને પૂંચ જિલ્લામાં અંકુશરેખાથી પાંચ કિલોમીટર સુધીના વિસ્તારમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરી દેવામાં આવી છે. ગોળીબાર દરમિયાન પોતાના

● અનુસંધાન પાન-૭ પર



## એર સ્ટ્રાઈક બાદ મોદીની લહેર વધતા કર્ણાટકમાં ભાજપ ૨૨ બેઠકો જીતશે : યેદિયુરપ્પા

બેંગ્લુરુ,તા.૨૮

એક તરફ સમગ્ર દેશ પાકિસ્તાનની કસ્ટડીમાં રહેલા ભારતીય પાયોલટની સુરક્ષા વિશે પ્રાર્થના કરે છે અને બીજી તરફ ભારતીય જનતા પાર્ટીનાં નેતા પાકિસ્તાન ભારતે કરેલી સ્ટ્રાઇકથી લોકસભા ચૂંટણીમાં ભાજપને કેટલો ફાયદો થશે તેની ગણતરીઓ કરવા લાગ્યા છે.

કર્ણાટકા ભાજપ પ્રમુખ બી.એસ. યદુરપ્પાએ કહ્યું કે, ભારતે પાકિસ્તાન પર કરેલી સ્ટ્રાઇકને કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તરફેણમાં દેશમાં વાતાવરણ બન્યુ છે અને આ વાતાવરણને કારણે કર્ણાટકની ૨૮ લોકસભા બેઠકોમાંથી ૨૨ બેઠકો પર ભાજપને જીત મળે તેવી શક્યતાઓ છે.

યદુરપ્પાએ વધુમાં જણાવ્યું કે, ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદી કેમ્પોનો ખાત્મો બોલાવ્યો. આ હુમલાને કારણે સમગ્ર દેશમાં મોદી તરફી વેવ બન્યો છે. આની અસર આગામી લોકસભા ચૂંટણીમાં જોવી મળશે.''

પત્રકારો સાથે વાતચીત કરતા ભાજપ નેતાએ કહ્યું કે, પાકિસ્તાન પર કરેલી સ્ટ્રાઇકથી યુવાનોમાં જોશ આવ્યો છે. આ બધી જ બાબતો ભાજપને કર્ણાટકામાં ૨૨ બેઠકો જીતવામાં મદદરૂપ થશે.

## ભારતના ડોઝિયરમાં હવે ગંભીરતાથી તપાસ કરાશે : પાકિસ્તાનની ખાતરી

**ત્રાસવાદી કેમ્પોની ઉપસ્થિતિ અંગે પણ તપાસ કરવાની ખાતરી આપી : તંગદિલી ઘટી રહી છે : અમેરિકાને આશા**

ઈસ્લામાબાદ, તા. ૨૮

પાકિસ્તાને આજે કહ્યું હતું કે, પુલવામામાં સીઆરપીએફના કાફલા ઉપર કરવામાં આવેલા હુમલામાં જૈશે મોહમ્મદની ભૂમિકા અને તેના ત્યાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠનોના કેમ્પની ઉપસ્થિતિના સંદર્ભમાં ભારત દ્વારા સોંપવામાં આવેલા ડોઝિયર ઉપર ખુલ્લા મનથી મુલ્યાંકન કરવામાં આવશે. ભારતે ગઈકાલે જ પાકિસ્તાનના હાઈકમિશનરને ડોઝિયર સોંપીને પુરાવા આપ્યા હતા જેમાં પાકિસ્તાની હવાઈ દળ દ્વારા ભારતીય લશ્કરી સ્થળોને ટાર્ગેટ બનાવાને લઈને વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ઈસ્લામાબાદ પોતાના અંકુશ હેઠળ રહેલા વિસ્તારોમાં આતંકવાદી ગતિવિધિ ઉપર કાર્યવાહી કરશે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા આજે કહેવામાં આવ્યું હતું કે, પુલવામા હુમલાને લઈને તેમને ડોઝિયર મળી ગયા છે. ભારત દ્વારા આપવામાં આવેલા ડોઝિયરની સમીક્ષા થશે. તમામ કાયદાકીય પુરાવામાં તપાસ થશે. વડાપ્રધાન ઈમરાન ખાન પહેલાથી જ કહી ચુક્યા છે કે, પાકિસ્તાન પુલવામા હુમલાના મામલામાં તપાસમાં મદદરુપ થશે.

● અનુસંધાન પાન-૭ પર

## કરાચીમાં ઈમરજન્સી : અંધારપટ લાગુ

કરાચી,તા.૨૮

ભારતીય વાયુસેના દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીથી પાકિસ્તાન રીતસરનું ફફડી ઉઠ્યું છે. ગભરાયેલા પાકિસ્તાને પ્રશાસનિક સ્તરે ઈમરજન્સી જાહેર કરી દીધી છે. કરાચી પ્રશાસને તો ગમે તે સ્થિતિ માટે તૈયાર રહેવાના આદેશ આપવામાં આવ્યા છે. તો પીઓકેના મોટા ભાગ, એલઓસી નજીક, ગિલગિટ બાલ્ટિસ્તાન, ઈસ્લામાબદના ઈ સેક્ટર, લાહોર કેન્ટ વિસ્તાર, સિયાલકોટ કેંટ, કરાંચી કેંટ, પસની કોસ્ટ લાઈન અને ઓકારા કેંટ એરિયામાં બ્લેક આઉટ રાખવાના આદેશ જારી કર્યા છે. એટલે કે આ વિસ્તારમાં રાત્રે લાઈટો બંધ કરી અંધારૂ રાખવાનું કહેવામાં આવ્યું છે.

આ ઉપરાંત પાકિસ્તાનમાં તમામ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો બંધ રાખવામાં આવી છે. પાકિસ્તાનમાં એરસ્પેશ બંધ કરવાના પણ અહેલાવ છે. તો ખૈબર પુખ્તુનખ્વાન પ્રાંતમાં પણ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. ભારતની કાર્યવાહીથી ગભરાયેલા પાકિસ્તાનના લગભગ અડધા ભાગમાં બ્લેક આઉટ છે.




ગાંધીનગરની સંસ્કારી નગરીમાં
શાંત અને રમણીય વાતાવરણ સાથે
ગુજરાતની પારંપારિક સંસ્કૃતિની ઝાંખી કરાવતું
વિવિધ ગુજરાતી ભોજન - વ્યંજનના રસથાળનું જમણ એટલે...

bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)

Managed by :
RUDRAKSH EVENT MANAGEMENT

Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli,
Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225